S.C

SEAT No.________

[A-1]

# SARDAR PATEL UNIVERSITY

No. of Pages : 02

**FYBA, External Examination**

**Day : Saturday** **Date : 28-04-2018**

**Session : Morning** **Time : 10.00 am to 01.00 pm**

**Subject : Gujarati Compulsory - GUJ 100**

(૧) 'પૂર્વાલાપ' (૨) 'પાદરના તીરથ'

Total Marks : 100

---

સૂચના : જમણી બાજુ દર્શાવેલ આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે એક વિશે નિબંધ લખો : (૨૦)

(૧) મારો પ્રિય સાહિત્યકાર

(૨) પર્યાવરણના પ્રશ્નો અને ઉપાયો

(૩) ક્રિકેટ જગતમાં ભારતનું સ્થાન

(૪) પુરુષાર્થનું જીવનમાં મહત્વ

પ્ર૨. નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો : (૨૦)

નીચેના જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે-રહીએ તો દુકાળની બીક તો રહે જ નહિં. મેઘરાજા દગો દે ત્યારે – નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા નદીને કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃત્વ વિના અખંડ-પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે એ કાંઠા ઉપર રહેનારા લોકોનીજાહો જલાલી એ નદીને જ આભારી હોય સાચે જ નદી જન સમાજની માતા છે. શહેરમાં-શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા-તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે. શહેરનું પેલું વાતાવરણ કયાં અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવતી દેવી છે. જો ગુરુને વંદન ઘટે છે. તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

– કાકા કાલેલકર

અથવા

પ્ર૨. ઉપરનો ગદ્યખંડ વાંચી નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો

(૧) કાકા કાલેલકર નદીને શેની ઉપમા આપે છે ?

(૨) નદીના કાંઠે રહેનારને દુકાળની બીક કેમ રહેતી નથી ?

(૩) નદીને જન સમાજની માતા કેમ કહેવામાં આવી છે ?

(૪) શહેરમાં નદીનું દર્શન થતાં આપણને આનંદ કેમ થાય છે ?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર૩. 'પાદરના તીરથ' નવલકથાના આધારે જયંતી દલાલનું નવલકથાકાર તરીકે મૂલ્યાંકન કરો (૨૦)

અથવા

પ્ર૩. નીચેના વિશે નોંધ લખો.

(૧) 'પાદરના તીરથ' નવલકથાના શીર્ષકની યથાર્થતા

(૨) 'અંબાલાલ વકીલનું' પાત્રા લેખન કરો.

પ્ર૪. કવિ કાન્તના 'પૂર્વાલાપ'ના અભ્યાસ નિયત પ્રકૃતિનું નિરૂપણ કરતા-કાવ્યોની સમીક્ષા કરો. (૨૦)

અથવા

પ્ર૪. નીચેના કાવ્યોનું રસદર્શન કરાવો.

(૧) હિંદમાતાને સંબોધન

(૨) ઉપહાર

પ્ર૫. અભ્યાસ નિયત પાઠ્ય પુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

(૧) નંદપરા ગામમાં અંગ્રેજોનો વિરોધ કરવા માટે લોકો એ શું કર્યું ? શા માટે ?
(૨) જગદીશને છોડવવા માટેના નગીનદાસના વિચારો સાથે પશીમા કેમ સહમત થતા નથી ?
(૩) અંબાલાલ વકીલ કોણ છે ? ફોજદાર તેને શા માટે કેદમાંથી મુક્ત કરે છે ?
(૪) ડૉ. નગીનદાસ કેદીઓને કેટલા રૂપિયામાં છોડાવે છે ? શા માટે ?
(૫) 'વસંતવિજય'માં પાંડુ રાજાની વૃત્તિઓને કોણ કોણ ઉત્તેજીત કરે છે ?
(૬) 'ઉદગાર' કાવ્યમાં કવિ કયો ભાવ વ્યક્ત કરે છે.
(૭) નિરંતર પ્રણયસુખ માટે ચક્રવાકી કયો ઉપાય સૂચવે છે ? ચક્રવાક એનો શો પ્રત્યુત્તર આપે છે ?
(૮) 'દેવયાની'માં અનાદર પામેલી દેવયાની કેવો મનોભાવ અનુભવે છે ?

x